બિન સરકારી (ગ્રાન્ટેડ) માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકની જગ્યા પર ફીકસ પગારમાં સીધી ભરતીથી નિમાતા અજમાયશી કર્મચારીઓનો ફીકસ પગાર સુધારવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બમશ-૧૩૧૦-૧૨૨૫-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૫-૧૦-૨૦૧૦

**સંદર્ભ-**

૧) શિ.વિ.નો તા.૨-૭-૯૯નો ઠરાવ ક્રમાંક-બમશ-૧૧૯૯-૭૪૧(૨)-ગ
૨) શિ.વિ.નો તા.૨૮-૧-૨૦૦૮નો ઠરાવ ક્રમાંક-બમશ-૧૧૦૬-૧૪૨૨-ગ
૩) નાણાં વિભાગનો તા.૨૯-૪-૧૦નો ઠરાવ ક્રમાંક-ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧

**આમુખ :-**

શિક્ષણ વિભાગના સંદર્ભ-૧ માં દર્શાવેલ તા.૨-૭-૯૯ના ઠરાવથી બિન સરકારી (ગ્રાન્ટેડ) માધ્યમિક અને ઉચ્ચતર માધયમિક શાળાઓમાં શૈક્ષણિક અને બિન શૈક્ષણિક જગ્યાઓ ઉપર ૧:૩ના પ્રમાણમાં પુરા પગાર અને સહાયક સંવર્ગમાં (શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયક) પાંચ વર્ષ માટે ફીકસ પગારથી સીધી ભરતીથી નિમણૂંકની યોજના લાગુ પાડવામાં આવેલ છે અને સંદર્ભ-૨ માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૨૮-૧-૦૮ના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણૂંકો ફીકસ પગારના અજમાયશી તરીકે કરવાની યોજના અંતર્ગત નકકી થયેલા ફીકસ પગારના ધોરણો શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકને લાગુ પાડવામાં આવેલ છે.

સંદર્ભ-૩ માં દર્શાવેલ નાણાં વિભાગના તા.૨૯-૪-૧૦ના ઠરાવથી રાજય સરકારના વર્ગ-૩ અને વર્ગ-૪ના તમામ સંવર્ગો પરની જગ્યાઓ ઉપર સીધી ભરતીથી થતી નિમણૂંકોમાં ફીકસ પગારના ધોરણો સુધારવામાં આવેલ છે જે ધ્યાને લેતાં સંદર્ભ-૨ થી નિયત થયેલ શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયકના ફીકસ પગારના દર સુધારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવઃ-**

સરકારશ્રીની કાળજી પૂર્વકની વિચારણાને અંતે સંદર્ભ-૨ માં દર્શાવેલ તા.૨૮-૧-૦૮ના ઠરાવથી નકકી કરેલા દરોમાં વધારો કરીને સંદર્ભ-૩ માં દર્શાવેલા નાણાં વિભાગના તા.૨૯-૪-૧૦ના ઠરાવની જોગવાઇઓ ધ્યાને લઇને નીચેના પત્રકમાં દર્શાવ્યા અનુસાર હાલના ફીકસ પગારમાં સુધારો કરવાનુ આથી ઠરાવવામાં આવે છે.

| અ.નં | જગ્યાનુ નામ અને વર્ગ | પગાર ધોરણ (૫ માં પગાર પંચ મુજબ) | હાલનો ફીકસ પગાર | સુધાર્યા મુજબનો ફીકસ પગાર |
|---|---|---|---|---|
| ૧ | સાથી સહાયક વર્ગ-૪ | ૨૫૫૦-૩૨૦૦ | ૧૫૦૦ | ૩૫૦૦ |
| ૨ | વહીવટી સહાયક વર્ગ-૩ | ૩૦૫૦-૪૫૯૦ | ૨૫૦૦ | ૪૫૦૦ |
| ૩ | શિક્ષણ સહાયક (માધ્યમિક) વર્ગ-૩ | ૫૦૦૦-૮૦૦૦ | ૩૫૦૦ | ૫૦૦૦ |
| ૪ | શિક્ષણ સહાયક (ઉચ્ચતર માધ્યમિક) વર્ગ-૩ | ૫૫૦૦-૯૦૦૦ | ૪૫૦૦ | ૬૦૦૦ |

ઉપર મુજબ સુધારેલા ફીકસ પગારનો અમલ તા.૧-૫-૧૦થી કરવાનો રહેશે. હવે પછી શિક્ષણ વિભાગના તા.૨-૭-૯૯ના ઠરાવ અન્વયે કરવામાં આવનાર ફીકસ પગારની ભરતીમાં પણ ઉપર સુધાર્યા અનુસાર ફીકસ પગારનો દર લાગુ પડશે.

૩. સંદર્ભ-૧ માં દર્શાવેલ શિક્ષણ વિભાગના તા.૨-૭-૯૯ના ઠરાવ તથા નાણાં વિભાગના તા.૧૬-૨-૦૬ તથા તા.૧-૮-૦૬ના ઠરાવમાં દર્શાવેલ અન્ય તમામ શરતો યથાવત રહેશે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૯-૯-૧૦થી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જે.એલ.પટેલ)**
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રાજયકક્ષા મંત્રીશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રાજયકક્ષા મંત્રીશ્રી (ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, શિક્ષણ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓની કચેરી ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- એ.જી. અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
- તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ તરફ જિલ્લાની તમામ શાળાઓને પરિપત્રિત
  કરવાની વિનંતી સાથે.
- નાણાં વિભાગ, ઝ.૧ શાખા, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટારશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ અને ઉ.મા.શિ.પંચ, અમદાવાદ
- તમામ જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનીક ભંડોળ હિસાબ
- સબંધિત સરકાર માન્ય સંઘો (કમિ. મ.ભો.યો. અને શાળાઓની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, ગ.૧, અને છ- શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ/ સીલેકટ ફાઇલ.